ગુજરાત સરકારની તમામ સ્પર્ધાત્મક પરીક્ષાઓ માટે

# નાણાકીય વર્ષ 2020-21નું ભારત સરકારનું અંદાજપત્ર

## Special Issue




BUDGET 2020
Special Issue
વીડિયો જોવા માટે અહીં CLICK કરો

ICE®
INSTITUTE FOR COMPETITIVE EXAMS

સંપાદક : મૌલિક ગોંધિયા (Director - ICE)



# નાણાકીય વર્ષ 2020-21નું ભારત સરકારનું અંદાજપત્ર

1 ફેબ્રુઆરી, 2020ના રોજ ભારતના નાણાં અને કોર્પોરેટ બાબતોના મંત્રી **શ્રીમતી નિર્મલા સીતારામને** નાણાકીય વર્ષ **2020-21નું** ભારત સરકારનું **સામાન્ય બજેટ** રજૂ કર્યું હતું.

## બજેટની વિશિષ્ટતા

ભારતના નાણામંત્રી શ્રીમતી નિર્મલા સીતારામન દ્વારા સંસદમાં રજૂ કરવામાં આવેલું આ **બીજું** બજેટ હતું.

- આ અગાઉ **5 જુલાઈ, 2019**ના રોજ તેમણે લોકસભામાં ભારતનું વર્ષ **2019-20નું** બજેટ રજૂ કર્યું હતું. જે **પૂર્ણકાલીન મહિલા નાણામંત્રી** દ્વારા રજૂ થયેલું ભારતનું **પ્રથમ** બજેટ હતું.
- તાજેતરમાં વર્ષ 2020-21નું બજેટ રજૂ કરતી વખતે નાણામંત્રી શ્રીમતી નિર્મલા સીતારામને સંસદમાં આશરે 160 મિનિટ લાંબી સ્પીચ આપી હતી.
- જે અત્યાર સુધીની **સૌથી લાંબી બજેટ સ્પીચ** છે.
- તેમની આ સ્પીચમાં નાણામંત્રી શ્રીમતી નિર્મલા સીતારામને **શ્રી દિનાનાથ કૌલ** લિખિત **કાશ્મીરી કવિતા** વાંચી સંભળાવી હતી.
- આ ઉપરાંત તેમણે આ સ્પીચમાં તમિલ કવિ **શ્રી થિરુવલ્લુર** અને **શ્રી કાલિદાસ** સહિતના જાણીતા સર્જકોના અવતરણો ટાંક્યા હતા.

ICE ® INSTITUTE FOR COMPETITIVE EXAMS

## બજેટની મુખ્ય થીમ

નાણાકીય વર્ષ 2020-21નું ભારતનું બજેટ **'જીવન જીવવામાં સરળતા'**ની મુખ્ય થીમ સાથે તૈયાર કરવામાં આવ્યું હતું. આ લક્ષ્યની પ્રાપ્તિ માટે બજેટમાં મુખ્યત્વે **ત્રણ બાબતો** અથવા તો **ત્રણ વિષયો** પર ભાર મૂકવામાં આવ્યો હતો.

(1) **મહત્ત્વાકાંક્ષી ભારત** (Aspirational India)

(2) **આર્થિક વિકાસ** (Economic Development for All) **અને**

(3) **સંભાળ રાખતો સમાજ** (Caring Society)

JOIN Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

આ બજેટના મુખ્ય ત્રણ સ્તંભો અંતર્ગત નીચેની બાબતોનો સમાવેશ થાય છે :

| મહત્ત્વાકાંક્ષી ભારત | આર્થિક વિકાસ | સંભાળ રાખતો સમાજ |
|---|---|---|
| કૃષિ, સિંચાઈ અને ગ્રામીણ વિકાસ | ઉદ્યોગ, વ્યાપાર અને રોકાણ | મહિલા અને બાળ, સમાજ કલ્યાણ |
| સુખાકારી/આરોગ્ય, જળ અને સ્વચ્છતા | ઈન્ફ્રાસ્ટ્રક્ચર | સંસ્કૃતિ અને પ્રવાસન |
| શિક્ષણ અને કૌશલ્ય | નવી અર્થવ્યવસ્થા | પર્યાવરણ અને આબોહવા પરિવર્તન |

## ભારતની અર્થવ્યવસ્થા

ભારતના નાણામંત્રી શ્રીમતી નિર્મલા સીતારામને બજેટ સ્પીચમાં જણાવ્યા અનુસાર વર્તમાન સમયે ભારત વિશ્વની પાંચમા નંબરની સૌથી મોટી અર્થવ્યવસ્થા છે.

- જે છ વર્ષ અગાઉ 11મા ક્રમે હતી.
- જોકે, ખરીદ શક્તિની સમાનતાની દષ્ટિએ વાસ્તવમાં ભારત પહેલેથી જ ચીન અને અમેરિકા બાદ વિશ્વની ત્રીજા નંબરની સૌથી મોટી અર્થવ્યવસ્થા છે.

## 5 ટ્રિલિયન ડોલરની અર્થવ્યવસ્થા

ભારતીય અર્થવ્યવસ્થાને 1 ટ્રિલિયન ડોલર સુધી પહોંચવા માટે 55 વર્ષથી વધુ સમય લાગ્યો હતો.

- જ્યારે વર્ષ 2014થી 2019 દરમિયાન ફક્ત પાંચ વર્ષમાં જ લગભગ 1 ટ્રિલિયન ડોલરનો વધારો થયો છે.
- વર્ષ 2014માં ભારતની અર્થવ્યવસ્થા અંદાજે 1.85 ટ્રિલિયન ડોલર હતી.
- વર્ષ 2019માં તે વધીને 2.7 ટ્રિલિયન ડોલર થઈ ગઈ છે.
- અને નાણાકીય વર્ષ 2019-20ના અંત સુધીમાં તે વધીને 3 ટ્રિલિયન ડોલર સુધી પહોંચી જશે.
- વર્ષ 2024 સુધીમાં તેને 5 ટ્રિલિયન ડોલર સુધી લઈ જવાનું ભારત સરકારનું લક્ષ્ય છે.

## ભારતનો GDP વૃદ્ધિ દર

વર્ષ 2020માં પ્રસિદ્ધ થયેલા ઈકોનોમિક સર્વે અનુસાર નાણાકીય વર્ષ 2019-20માં ભારતનો GDP વૃદ્ધિ દર 5 ટકા રહેવાની સંભાવના છે.

- નાણાકીય વર્ષ 2020-21 દરમિયાન તે વધીને 6થી 6.5 ટકા રહેવાનો ઈકોનોમિક સર્વેમાં અંદાજ દર્શાવવામાં આવ્યો છે.
- નાણાકીય વર્ષ 2014-15થી નાણાકીય વર્ષ 2019-20 સુધીના છેલ્લા છ વર્ષોમાં ભારતમાં સૌથી વધુ GDP વૃદ્ધિ દર નાણાકીય વર્ષ 2016-17માં 8.2 ટકા રહ્યો હતો.

### ભારતનો GDP વૃદ્ધિ દર

| ક્રમ | વર્ષ | GDP વૃદ્ધિ દર ટકામાં |
|---|---|---|
| 1 | 2014-15 | 7.4 |
| 2 | 2015-16 | 8.0 |
| 3 | 2016-17 | 8.2 |
| 4 | 2017-18 | 7.2 |
| 5 | 2018-19 | 6.8 |
| 6 | 2019-20 | 5.0 ઈકોનોમિક સર્વે 2020 અનુસાર સંભવિત |
| 7 | 2020-21 | 6થી 6.5 ઈકોનોમિક સર્વે 2020 અનુસાર સંભવિત |




INSTITUTE FOR COMPETITIVE EXAMS

# નાણાકીય વ્યવસ્થાપન

## બજેટનું કુલ કદ (બજેટનો કુલ ખર્ચ)

આ અગાઉ નાણાકીય વર્ષ **2019-20**માં સુધારેલા અંદાજ અનુસાર ભારત સરકારના બજેટનો કુલ ખર્ચ **રૂ. 26,98,552 કરોડ** હતો.

- જ્યારે વર્ષ **2020-21**ના બજેટના કુલ ખર્ચનો અંદાજ **રૂ. 30,42,230 કરોડ** છે.
- જે નાણાકીય વર્ષ 2019-20ની તુલનાએ **રૂ. 3,43,678 કરોડ** વધારે છે.

## રાજકોષીય ખાદ્ય (Fiscal Deficit)

ભારતમાં નાણાકીય વર્ષ **2009-10** દરમિયાન રાજકોષીય ખાદ્ય GDPના **6.6 ટકા** હતી.

- જે ભારતમાં નાણાકીય વર્ષ **2003-04**થી અત્યાર સુધીની સૌથી વધુ રાજકોષીય ખાદ્ય હતી.
- જોકે, વર્ષ **2018-19**માં તે ઘટીને **3.4 ટકા** થઈ ગઈ હતી.
- આ અગાઉ નાણાકીય વર્ષ **2019-20**ના બજેટમાં નાણાકીય વર્ષ **2019-20** દરમિયાન ભારતમાં રાજકોષીય ખાદ્ય ઘટાડીને GDPના **3.3 ટકા** સુધી લઈ જવાનું લક્ષ્યાંક રાખવામાં આવ્યું હતું.
- જોકે, સુધારેલા અંદાજ અનુસાર નાણાકીય વર્ષ **2019-20** દરમિયાન ભારતમાં રાજકોષીય ખાદ્ય GDPના **3.8 ટકા** રહેવાની સંભાવના છે.
- આ ઉપરાંત નાણાકીય વર્ષ **2020-21** દરમિયાન ભારતમાં રાજકોષીય ખાદ્ય ઘટાડીને GDPના **3.5 ટકા** સુધી લઈ જવાનું સરકારનું લક્ષ્ય છે.
- આમ, નાણાકીય વર્ષ **2020-21** દરમિયાન ભારતમાં રાજકોષીય ખાદ્ય GDPના **3.5 ટકા** એટલે કે **રૂ. 7,96,337 કરોડ** રહેવાની સંભાવના છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## વિવિધ ક્ષેત્રોમાંથી સરકારની આવક

ભારત સરકારના વર્ષ **2020-21**ના બજેટમાં સરકારની કુલ આવકમાં સૌથી વધુ **20 ટકા** હિસ્સો **Borrowings and other Liabilities**નો છે.

- ત્યારબાદ **બીજા** ક્રમે **18 ટકા** હિસ્સો **Corporation Tax** અથવા તો **Corporate Tax**નો છે.
- **કોર્પોરેટ ટેક્સ** ઉપરાંત **GST** પણ **18 ટકા**ના હિસ્સા સાથે **બીજા** ક્રમે છે.
- જ્યારે **17 ટકા**ના હિસ્સા સાથે **Income Tax** **ત્રીજા** ક્રમે છે.

**નોંધ :** (1) આ અગાઉ નાણાકીય વર્ષ **2019-20**ના બજેટમાં સરકારની કુલ આવકમાં સૌથી વધુ **21 ટકા** હિસ્સો **Corporation Tax** અથવા તો **Corporate Tax**નો હતો.

(2) જોકે, તાજેતરમાં ભારતમાં કેન્દ્ર સરકાર દ્વારા **કોર્પોરેટ ટેક્સ**ના દરમાં **ઐતિહાસિક ઘટાડો** કરવામાં આવ્યો હતો. આથી, નાણાકીય વર્ષ **2020-21** દરમિયાન સરકારની કુલ આવકમાં તેનો હિસ્સો **21 ટકા**થી ઘટીને **18 ટકા** થઈ ગયો છે.

(3) **Corporation Tax**ને **Corporate Tax** તરીકે પણ ઓળખવામાં આવે છે.

JOIN Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

## વિવિધ ક્ષેત્રોમાં સરકારનો ખર્ચ

ભારત સરકારના વર્ષ 2020-21ના બજેટમાં સરકારના કુલ ખર્ચમાં સૌથી વધુ 20 ટકા હિસ્સો States' Share of taxes & duties (ટેક્સ અને ડ્યુટીમાં રાજ્ય સરકારના હિસ્સા)નો છે.

- જ્યારે બીજા ક્રમે 18 ટકા હિસ્સો Interest Payments (વ્યાજના પેમેન્ટ)નો છે.
- ત્યારબાદ ત્રીજા ક્રમે 13 ટકા હિસ્સો Central Sector Schemes (કેન્દ્ર સરકારની યોજનાઓનો) છે.

## ડિસઈન્વેસ્ટમેન્ટ

નાણાકીય વર્ષ 2019-20 દરમિયાન ભારતમાં ડિસઈન્વેસ્ટમેન્ટ દ્વારા બજેટમાં રૂ. 1,05,000 કરોડ અને ત્યારબાદ સુધારેલા અંદાજ અનુસાર રૂ. 65000 કરોડ એકત્ર કરવાની સરકારની યોજના હતી.

- જોકે આ લક્ષ્યાંક પૂર્ણ થઈ શક્યું નથી.
- જ્યારે નાણાકીય વર્ષ 2020-21 દરમિયાન ભારતમાં ડિસઈન્વેસ્ટમેન્ટ દ્વારા રૂ. 2,10,000 કરોડ એકત્ર કરવાની સરકારની યોજના છે.
- આ માટે સરકાર IPO દ્વારા LIC ઉપરાંત IDBIમાંનો પોતાનો હિસ્સો વેચીને આ લક્ષ્યાંક પૂર્ણ કરશે.

**નોંધ :** (1) LICનું પૂરું નામ Life Insurance Corporation છે.
(2) IDBIનું પૂરું નામ Industrial Development Bank of India છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

# વિવિધ ક્ષેત્રોમાં બજેટમાં કરવામાં આવેલી મહત્ત્વની જાહેરાતો

## કૃષિ, સિંચાઈ અને ગ્રામીણ વિકાસ માટે '16 સૂત્રીય કાર્યક્રમ' (16 Action Points)ની જાહેરાત

વર્ષ 2022 સુધીમાં ખેડૂતોની આવક ડબલ કરવા માટે બજેટમાં '16 એક્શન પોઈન્ટ્સ'ની જાહેરાત કરવામાં આવી છે.

- જેનાથી ભારતમાં ખેડૂતોની આવક બમણી કરવામાં મદદ થશે અને ગ્રામીણ વિસ્તારોમાં રોજગારીમાં વધારો થશે.
- આ માટે સરકાર નીચેના 16 કાર્યક્રમો પર ફોકસ કરશે :

1) નીચેના આદર્શ કાયદાઓનો અમલ કરી રહેલા રાજ્યોને પ્રોત્સાહન આપવામાં આવશે :
   (A) Model Agricultural Land Leasing Act, 2016
   (B) Model Agricultural Produce and Live Stock Marketing (Promotion and Facilitation) Act, 2017 અને
   (C) Model Agricultural Produce and Live Stock Contract Farming and Services (Promotion and Facilitation) Act, 2018
2) પાણીની સમસ્યાથી પીડિત ભારતના 100 જિલ્લાઓ માટે વ્યાપક ઉપાય કરવામાં આવશે.
3) ભારતમાં સોલાર પમ્પની મદદથી સૌરઉર્જા દ્વારા સિંચાઈની વ્યવસ્થા માટે PM-KUSUM (Pradhan Mantri Kisan Urja Suraksha Utthan Mahabhiyan) યોજના શરૂ કરવામાં આવી હતી.
   – આ યોજનાનો વ્યાપ વધારીને નવા 20 લાખ ખેડૂતોને સોલાર પમ્પ ઉપલબ્ધ કરાવવામાં આવશે.
   – આ ઉપરાંત Grid-Connected Pump ધરાવતા અન્ય 15 લાખ ખેડૂતોને પણ સોલાર પમ્પ ઉપલબ્ધ કરાવવા માટે મદદ કરવામાં આવશે.

- તેમજ ખેડૂતોને **'અન્નદાતા'**માંથી **'ઉર્જાદાતા'** બનાવવા માટે એક યોજના શરૂ કરવામાં આવશે.
- આ યોજના અંતર્ગત ખેડૂતોને તેમની પડતર જમીનમાં **સોલાર ઉર્જા** ઉત્પન્ન કરવા માટે સરકાર મદદ કરશે. અને આ ઉર્જાના વેચાણની પણ વ્યવસ્થા કરવામાં આવશે.

4) ભારતીય કૃષિ પ્રણાલીમાં થઈ રહેલો રાસાયણિક ખાતરનો ખૂબ જ વધારે ઉપયોગ રોકવા માટે સરકાર **પરંપરાગત જૈવિક (Organic)** તથા અન્ય **Innovative ખાતરો** સહિત તમામ પ્રકારના ખાતરના સંતુલિત ઉપયોગને પ્રોત્સાહન આપશે.

5) ભારતમાં કૃષિ પેદાશોના સંગ્રહ માટે **Agriwarehousing, Cold Storage, Reefer Van Facilities** વગેરે જેવી મળીને અંદાજિત **162 મિલિયન મેટ્રિક ટન**ની ક્ષમતા છે.

- **NABARD** દ્વારા તેને માપવામાં આવશે અને તેમને **Geo-tag** આપવાની પ્રક્રિયા હાથ ધરવામાં આવશે.
- આ ઉપરાંત ભારતમાં **Warehouse Development and Regulatory Authority (WDRA)**ના માપદંડોને આધારે **નવા માલગોદામો (Warehouses)** બનાવવામાં આવશે.
- ભારતમાં **બ્લોક/તાલુકા સ્તરે** આવા માલગોદામો બનાવવા માટે કેન્દ્ર સરકાર આર્થિક સહાય કરશે. આ માટે રાજ્ય સરકાર દ્વારા ઉપલબ્ધ કરાવવામાં આવેલી જમીન પર PPP (Public Private Partnership) મોડલ અંતર્ગત તેનું નિર્માણ કરવામાં આવશે.
- આ ઉપરાંત **Food Corporation of India (FCI)** અને **Central Warehousing Corporation (CWC)** પણ પોતાની જમીન પર આવા માલગોદામોનું નિર્માણ કરશે.

6) Backward linkage રૂપે **સ્વ-સહાયતા જૂથો** દ્વારા **Village Storage Scheme** ચલાવવામાં આવશે.

- જેનાથી ખેડૂતોની Good holding કેપેસિટી વધશે અને Logistics Cost ઘટશે.
- આ ઉપરાંત **મહિલા સ્વ-સહાયતા જૂથો**ને તેમનો **'ધાન્ય લક્ષ્મી'**નો હોદ્દો ફરીથી પ્રાપ્ત થશે.

7) ભારતમાં દૂધ, માંસ અને માછલી જેવી ઝડપથી બગડી જતી વસ્તુઓના સપ્લાય માટે ભારતીય રેલવે દ્વારા **'કિસાન રેલવે'** શરૂ કરવામાં આવશે.

- PPP મોડલને આધારે શરૂ થનારી આ એક્સપ્રેસ તથા માલગાડિયોમાં રેફ્રિજરેટરની સુવિધા ધરાવતા કોચ હશે.

8) ભારતમાં કેન્દ્રીય નાગરિક ઉડ્ડયન મંત્રાલય દ્વારા રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય રૂટ પર **'કૃષિ ઉડાન' (Krishi Udaan)** શરૂ કરવામાં આવશે.

- તેનાથી ખાસ કરીને ભારતના પૂર્વોત્તરના તથા આદિજાતિ જિલ્લાઓમાં મૂલ્ય પ્રાપ્તિમાં સુધારો કરવામાં મદદ થશે.

9) ભારતમાં કૃષિ પેદાશોનું શ્રેષ્ઠ માર્કેટિંગ અને નિકાસ માટે કેન્દ્ર સરકાર એવા રાજ્યોને સહાય કરશે કે જ્યાં **ક્લસ્ટર આધારિત પદ્ધતિ 'એક પ્રોડક્ટ એક જિલ્લા'** પર ફોકસ કરવામાં આવશે.

10) વરસાદ આધારિત ક્ષેત્રોમાં એકીકૃત કૃષિ પદ્ધતિનો વ્યાપ વધારવામાં આવશે.

- અને ત્યાં ખેતીની સિઝન ન હોય ત્યારે મધમાખી ઉછેર, સૌર ઉર્જા ઉત્પાદન વગેરે જેવી બહુસ્તરીય નીપજો પર ફોકસ કરવામાં આવશે.
- આ ઉપરાંત **'જીરો બજેટ પ્રાકૃતિક કૃષિ'** પર પણ ભાર મૂકવામાં આવશે.
- **"Jaivik Kheti"** નામના ઓનલાઈન પોર્ટલ દ્વારા રાષ્ટ્રીય જૈવિક પ્રોડક્ટનું બજાર પણ સુદઢ કરવામાં આવશે.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

11) ભારતમાં Negotiable Warehousing Receipts (e-NWR)ને e-NAM સાથે જોડવામાં આવશે.

12) ભારતમાં નાણાકીય વર્ષ 2020-21 માટે કૃષિને લગતી લોનનું લક્ષ્યાંક રૂ. 15 લાખ કરોડ રાખવામાં આવ્યું છે.
- ભારતમાં PM-KISAN યોજનાના તમામ પાત્ર લાભાર્થીઓને KCC (Kisan Credit Card) Schemeનો લાભ મળશે.
- આ ઉપરાંત NABARDની Re-finance Schemeનો વ્યાપ વધારવામાં આવશે.

13) ભારતમાં વર્ષ 2025 સુધીમાં દૂધ પ્રોસેસિંગ ક્ષમતા વધારીને ડબલ કરવામાં આવશે.
- ભારતમાં હાલ દૂધ પ્રોસેસિંગ ક્ષમતા 53.5 મિલિયન મેટ્રિક ટન જેટલી છે.
- જેને વધારીને વર્ષ 2025 સુધીમાં 108 મિલિયન મેટ્રિક ટન કરવામાં આવશે.
- ભારતમાં પશુપાલનના વિકાસ માટે પશુઓના પગ અને મોંમાં જોવા મળતા Brucellosis નામના રોગને વર્ષ 2025 સુધીમાં નાબૂદ કરવામાં આવશે.
- આ ઉપરાંત ઘેટા અને બકરીમાં જોવા મળતી Pestedes Petits Ruminants (PPR) નામની બીમારીને પણ 2025 સુધીમાં દૂર કરવામાં આવશે.
- તેમજ કૃત્રિમ ગર્ભાધાનનું પ્રમાણ 30 ટકાથી વધારીને 70 ટકા કરવામાં આવશે.
- પશુઓ માટે ચારાગાર વિકસાવવા માટે મનરેગાનો ઉપયોગ કરવામાં આવશે.

14) ભારતમાં 'Blue Economy'ને પ્રોત્સાહન આપવા સમુદ્રી મત્સ્ય સંસાધનોના મેનેજમેન્ટ માટે એક ફ્રેમવર્ક બનાવવામાં આવશે.

15) વર્ષ 2022-23 સુધીમાં ભારતમાં મત્સ્ય ઉત્પાદન વધારીને 200 લાખ ટન સુધી લઈ જવામાં આવશે.
- આ માટે શેવાળ, Sea-weed ઉગાડવાને તથા Cage Cultureને પ્રોત્સાહન આપવામાં આવશે.
- ભારતમાં 3477 જેટલા સાગર મિત્રો અને 500 જેટલા માછીમારી ઉત્પાદક સંગઠનોની મદદથી યુવાઓને આ વ્યવસાયમાં જોડીને માછીમારીનો વ્યાપ વધારવામાં આવશે.
- સરકારને આશા છે કે વર્ષ 2024-25 સુધીમાં ભારતમાંથી માછલીની નિકાસ વધીને રૂ. 1 લાખ કરોડ જેટલી થઈ જશે.

16) ભારતમાં ગરીબી નાબૂદી માટે 'દીન દયાળ અંત્યોદય યોજના'નો વ્યાપ વધારવામાં આવશે.
- આ યોજના અંતર્ગત અત્યાર સુધીમાં 58 લાખ સ્વ સહાય જૂથોનું નિર્માણ કરવામાં આવ્યું છે.

## '16 એક્શન પોઈન્ટ્સ' માટે નાણાકીય જોગવાઈ

ભારતમાં '16 એક્શન પોઈન્ટ્સ'ના અમલીકરણ માટે બજેટમાં આશરે 3 લાખ કરોડ રૂપિયાની જોગવાઈ કરવામાં આવી છે. જેમાંથી –

(A) કૃષિ અને સિંચાઈ માટે - રૂ. 1.60 લાખ કરોડ અને

(B) ગ્રામીણ વિકાસ તથા પંચાયતી રાજ માટે - રૂ. 1.23 લાખ કરોડની જોગવાઈ કરવામાં આવી છે.

## આરોગ્ય, જળ અને સ્વચ્છતા

ભારતમાં PPP મોડલ અંતર્ગત નવી હોસ્પિટલોની સ્થાપના માટે 'Viability Gap Funding Window'ની રચના કરવામાં આવશે.

- ભારતમાં પ્રથમ ચરણમાં એવા આકાંક્ષી જિલ્લાઓમાં નવી હોસ્પિટલોનું સર્જન કરવામાં આવશે કે જ્યાં હાલ આયુષ્યમાન યોજના સાથે જોડાયેલી હોસ્પિટલ ન હોય.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

- આ માટે Medical Devices પરના ટેક્સમાંથી થતી આવકનો ઉપયોગ કરવામાં આવશે.
- આયુષ્યમાન ભારત યોજના અંતર્ગત બીમારીઓના ઉન્મૂલન માટે Machine Learning અને Artificial Intelligenceને પણ પ્રોત્સાહન આપવામાં આવશે.
- વર્ષ 2025 સુધીમાં ભારતમાંથી T.B.ની બિમારીનું ઉન્મૂલન કરવામાં આવશે. આ માટે ભારતમાં 'T.B. હારેગા દેશ જીતેગા' અભિયાન શરૂ કરવામાં આવ્યું છે.
- ભારતમાં જન ઔષધિ કેન્દ્ર યોજનાનો વ્યાપ વધારવામાં આવશે. આ અંતર્ગત ભારતના દરેક જિલ્લાઓમાં 2024 સુધીમાં તેમાં 2000 દવાઓ અને 300 સર્જિકલ્સ ઉપલબ્ધ કરાવવામાં આવશે.

**નોંધ :** (1) ભારતમાં આરોગ્ય ક્ષેત્રે બજેટમાં રૂ. 69,000 કરોડની જોગવાઈ કરવામાં આવી છે.
(2) જેમાંથી Prime Minister Jan Arogya Yojna (PMJAY) માટે રૂ. 6400 કરોડ ફાળવવામાં આવ્યા છે.

- 'સ્વચ્છ ભારત મિશન' અંતર્ગત નાણાકીય વર્ષ 2020-21 માટે બજેટમાં અંદાજે 12,300 કરોડ રૂપિયાની જોગવાઈ કરવામાં આવી છે.
- ભારતના દરેક ઘરોમાં પાઈપ દ્વારા પાણી ઉપલબ્ધ કરાવવા માટે 'જલ જીવન મિશન' અંતર્ગત ભારતમાં રૂ. 60 લાખ કરોડનો ખર્ચ થવાનો અંદાજ છે.
- આ મિશન અંતર્ગત ભારતમાં 10 લાખથી વધુ વસતી ધરાવતા શહેરોને આ વર્ષે જ પોતાનો ઉદ્દેશ્ય પૂરો કરવા માટે પ્રોત્સાહિત કરવામાં આવશે.
- આ મિશન માટે વર્ષ 2020-21 દરમિયાન રૂ. 11,500 કરોડની જોગવાઈ કરવામાં આવી છે.

## શિક્ષણ અને કૌશલ્ય

ભારતના દરેક શહેરી લોકલ બોડી દ્વારા એક એવો કાર્યક્રમ શરૂ કરવાનો બજેટમાં પ્રસ્તાવ મૂકવામાં આવ્યો છે કે જેથી ફ્રેશ એન્જિનિયર સ્ટુડન્ટને 1 વર્ષ સુધી Internshipની તક મળે.

- ભારતમાં વંચિત અને ઉચ્ચ શિક્ષણ મેળવી શકે એમ ન હોય એવા વિદ્યાર્થીઓ માટે ડિગ્રી સ્તરનો સંપૂર્ણ ઓનલાઈન શિક્ષણ કાર્યક્રમ શરૂ કરવામાં આવશે.
- ભારતમાં આવો કાર્યક્રમ ફક્ત એવી શિક્ષણ સંસ્થાઓમાં જ શરૂ કરવામાં આવશે કે જે 'National Institutional Ranking Framework'માં ટોપ 100 સુધીનો Rank ધરાવતી હોય.
- શરૂઆતમાં આવી થોડીક જ સંસ્થાઓને આ માટે મંજૂરી આપવામાં આવશે.
- 'Study in India' કાર્યક્રમ અંતર્ગત એશિયન અને આફ્રિકન દેશોમાં 'Ind-SAT' Exam શરૂ કરવામાં આવશે.
- આ એક્ઝામની મદદથી એશિયા અને આફ્રિકાના ભારતમાં અભ્યાસ કરવા ઈચ્છતા વિદ્યાર્થીઓને સ્કોલરશિપનો લાભ આપવામાં આવશે.
- પોલીસ વિજ્ઞાન, ન્યાયિક વિજ્ઞાન, સાઈબર ન્યાયિક વિજ્ઞાન વગેરેના અભ્યાસ માટે ભારતમાં National Police University અને National Forensic Science Universityની સ્થાપના કરવામાં આવશે.
- વિદેશમાં નોકરી કરવા ઈચ્છતા શિક્ષકો, નર્સો, પેરા મેડિકલ સ્ટાફ વગેરેને વિદેશી માપદંડો અનુસાર યોગ્ય તાલીમ મળી રહે તે માટે Special Bridge Courses શરૂ કરવામાં આવશે. જેમાં વિવિધ ભાષાઓની પણ તાલીમ આપવામાં આવશે.

**નોંધ :** વર્ષ 2020-21માં શિક્ષણ ક્ષેત્રે અંદાજે રૂ. 99,300 કરોડ અને કૌશલ્ય વિકાસ માટે રૂ. 3000 કરોડ ફાળવવામાં આવ્યા છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## વ્યાપાર, ઉદ્યોગ અને રોકાણ

ભારતમાં નવા ઉદ્યોગની સ્થાપનામાં સહાયતા માટે 'Investment Clearance Cell'ની રચના કરવામાં આવશે.

- આ સેલ એક પોર્ટલના માધ્યમથી કાર્ય કરશે અને તેમાં નવા ઉદ્યોગની સ્થાપના માટે 'end to end' સુવિધા અને સહાય મળશે.
- જેમાં પ્રિ-ઈન્વેસ્ટમેન્ટ માર્ગદર્શન, ભૂમિ બેન્ક સંબંધી માહિતી તેમજ કેન્દ્ર અને રાજ્ય સ્તરના ક્લીયરન્સ વગેરેનો સમાવેશ થાય છે.
- ભારતમાં પાંચ નવા સ્માર્ટ સિટી ડેવલપ કરવામાં આવશે. જેનો મુખ્ય ઉદ્દેશ નીચેની ત્રણ આર્થિક પ્રવૃત્તિઓને પ્રોત્સાહન આપવાનો હશે :

  (1) The Upcoming Economic Corridors

  (2) Revitalisation of Manufacturing Activities

  (3) Technology and the demands of aspirational classes
- ભારતમાં રાજ્ય સરકારના સહયોગથી PPP મોડલ અંતર્ગત આ પાંચ સ્માર્ટ શહેરોને ડેવલપ કરવામાં આવશે.
- ભારતમાં નવા રોજગારના સર્જન તેમજ ભારતમાં વધારે વિદેશી રોકાણ થાય તે માટે Networked Productના મેન્યુફેક્ચરિંગ પર ફોકસ કરવામાં આવશે.
- આ અંતર્ગત ભારતમાં ઈલેક્ટ્રોનિક્સ મેન્યુફેક્ચરિંગ ઉદ્યોગને પ્રોત્સાહન આપવા માટે મોબાઈલ ફોન, ઈલેક્ટ્રોનિક સાધનો તેમજ સેમી-કંડક્ટર પેકેજિંગના મેન્યુફેક્ચરિંગને પ્રોત્સાહન આપવા માટે નવી યોજના શરૂ કરવામાં આવશે.
- યોગ્ય ફેરફાર સાથે Medical devicesના મેન્યુફેક્ચરિંગ માટે પણ આ યોજના લાગુ કરી શકાશે.
- ભારત દર વર્ષે 16 બિલિયન ડોલરના ટેક્નિકલ વસ્ત્રોની આયાત કરે છે. આથી આ આયાત ઘટાડવા અને ટેક્નિકલ વસ્ત્રોના નિર્માણમાં ભારતને વૈશ્વિક અગ્રણી તરીકે સ્થાપિત કરવા 'રાષ્ટ્રીય ટેક્નિકલ વસ્ત્ર મિશન' (National Technical Textiles Mission) શરૂ કરવામાં આવશે.
- આ મિશનનો સમયગાળો 2020-21થી 2023-24 દરમિયાન ચાર વર્ષનો રહેશે.
- આ ચાર વર્ષ દરમિયાન આ મિશન માટે અંદાજે રૂ. 1480 કરોડનો ખર્ચ કરવામાં આવશે.
- ભારતમાં 'Zero Defect - Zero Effect' મેન્યુફેક્ચરિંગને પ્રોત્સાહન આપવા માટે ગુણવત્તા અને માપદંડ પર ફોકસ કરવામાં આવશે. આ માટે આ વર્ષે કેન્દ્ર સરકારના દરેક મંત્રાલય દ્વારા Quality Standard Order ઈશ્યુ કરવામાં આવશે.
- ભારતમાં નિકાસ લોન વિતરણ (Export Credit Disbursement)નું ઉચ્ચતમ માળખુ વિકસાવવા NIRVIK (Niryat Rin VIKas) યોજના શરૂ કરવામાં આવી રહી છે.
- આ યોજનાને પાંચ વર્ષ પૂરા થયા બાદ આ યોજનાથી અંદાજે 30 લાખ કરોડ રૂપિયાની નિકાસ કરવામાં સહાયતા થશે.
- ભારતમાં નિકાસકારો માટે આ વર્ષથી એક ડિજિટલ વ્યવસ્થા શરૂ કરવામાં આવશે. આ વ્યવસ્થા અંતર્ગત નિકાસકારોને રાજ્ય તેમજ કેન્દ્ર સ્તરે તેમણે ચૂકવેલ વિદ્યુત પરનો ટેક્સ, ટ્રાન્સપોર્ટ માટે વપરાયેલ ઈંધણ પરનો VAT વગેરે જેવા ટેક્સની રકમ પાછી આપવામાં આવશે. જે અગાઉ મળતી ન હતી.
- ભારતમાં નિકાસને પ્રોત્સાહન આપવા માટે દેશના દરેક જિલ્લાને એક 'નિકાસ કેન્દ્ર' (Export Hub) તરીકે વિકસાવવામાં આવશે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

- ભારતમાં Government e-Marketplace (GeM)નું ટર્નઓવર વધારીને રૂ. 3 લાખ કરોડ સુધી લઈ જવામાં આવશે.

**નોંધ :** ભારતમાં ઉદ્યોગ અને વ્યાપાર ક્ષેત્રે વર્ષ 2020-21માં રૂ. 27300 કરોડની જોગવાઈ કરવામાં આવી છે.

## ઈન્ફ્રાસ્ટ્રક્ચર

ભારતમાં ઈન્ફ્રાસ્ટ્રક્ચરના વિકાસ માટે 5 વર્ષમાં આશરે 6500 જેટલી યોજનાઓમાં રૂ. 103 લાખ કરોડનો ખર્ચ કરવામાં આવશે.

- ભારતમાં ઈન્ફ્રાસ્ટ્રક્ચર યોજનાઓ માટે 'Project Preparation Facility' શરૂ કરવામાં આવશે.
- આ કાર્યક્રમમાં યુવા એન્જિનયરો, મેનેજમેન્ટ સ્નાતક અને અર્થશાસ્ત્રીઓની સક્રિય ભૂમિકા હશે.
- સ્ટાર્ટ-અપમાં યુવા શક્તિને જોડવા માટે ભારતની તમામ ઈન્ફ્રાસ્ટ્રક્ચર એજન્સીઓને નિર્દેશ આપવામાં આવશે.
- ભારતમાં ટૂંક સમયમાં National Logistics Policy જાહેર કરવામાં આવશે.
- અન્ય બાબતો ઉપરાંત આ પોલિસીમાં કેન્દ્ર સરકાર, રાજ્ય સરકાર અને મહત્ત્વની નિયામક એજન્સીઓની ભૂમિકા સ્પષ્ટ કરવામાં આવશે.
- તે ભારતમાં Single Window e-logistics Marketનું સર્જન કરશે.
- અને તેમાં નવી રોજગારીનું સર્જન, કૌશલ્ય નિર્માણ તેમજ MSME ક્ષેત્રને સ્પર્ધાત્મક બનાવવા માટે વિશેષ ભાર મૂકવામાં આવશે.
- ભારતમાં હાઈવેના વિકાસમાં ઝડપ લાવવામાં આવશે.
- દિલ્હી-મુંબઈ એક્સપ્રેસવે અને અન્ય બે પેકેજ 2023 સુધીમાં પૂર્ણ કરવામાં આવશે.
- આ ઉપરાંત ચેન્નાઈ-બેંગાલુરુ એક્સપ્રેસવેનો પણ પ્રારંભ કરવામાં આવશે.
- ભારતમાં વર્ષ 2024 પહેલા 6000 કિમીથી વધુના હાઈવેના ઓછામાં ઓછા 12 લોટને Monetise કરવામાં આવશે.
- ભારતમાં 9000 કિમી લંબાઈના Economic Corridorનું નિર્માણ કરવામાં આવશે.
  ભારતમાં 27000 કિમી રેલવે લાઈનનું વિજળીકરણ કરવાનું કેન્દ્ર સરકારે લક્ષ્ય રાખ્યું છે.
- આ ઉપરાંત ભારતમાં રેલવેની માલિકીની જમીન પર રેલવે ટ્રેકની સાથે સાથે જ સોલાર પાવર પ્લાન્ટ લગાવવાની વિચારણા ચાલી રહી છે.
- ચાર સ્ટેશન રિડેવલપમેન્ટ પ્રોજેક્ટ અને 150 પેસેન્જર ટ્રેનનું સંચાલન પબ્લિક પ્રાઈવેટ ભાગીદારીને આધારે કરવામાં આવશે.
- તેજસ જેવી અન્ય ટ્રેનોથી મુખ્ય પ્રવાસન સ્થળોને જોડવામાં આવશે.
- મુંબઈ-અમદાવાદ વચ્ચેની હાઈ સ્પીડ ટ્રેનના કાર્યમાં ઝડપ લાવવામાં આવશે.
- રૂ. 18600 કરોડના ખર્ચે Metro Model આધારિત બેંગાલુરુ Suburban Transport Project હાથ ધરવામાં આવશે. જેની લંબાઈ 148 કિમી હશે.
- ભારતમાં બંદરોના વિકાસ માટે સરકાર ઓછામાં ઓછા એક મોટા બંદરના કોર્પોરેટાઈઝેશન અંગે વિચારણા કરશે અને તેનું સ્ટોક એક્સચેન્જ પર લિસ્ટિંગ કરવામાં આવશે.
- ભારતમાં અંતર્દેશીય જળમાર્ગોના વિકાસ અંતર્ગત 890 કિમી લાંબા ઢુબરી-સાદિયા જળમાર્ગનું કાર્ય 2022 સુધીમાં પૂરું થઈ જશે.
- ભારતમાં હવાઈયાત્રા માટે 'ઉડાન' યોજનાને પ્રોત્સાહન આપવા વર્ષ 2024 સુધીમાં ભારતમાં 100 નવા એરપોર્ટ બનાવવામાં આવશે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

**નોંધ :** ભારતમાં ટ્રાન્સપોર્ટ ઈન્ફ્રાસ્ટ્રક્ચર માટે વર્ષ 2020-21 માટે રૂ. 1.70 લાખ કરોડની જોગવાઈ કરવામાં આવી છે. ભારતમાં દરેક રાજ્ય અને કેન્દ્રશાસિત પ્રદેશોમાં આગામી ત્રણ વર્ષમાં પરંપરાગત વીજળીના મીટરોની જગ્યાએ 'સ્માર્ટ પ્રીપેડ મીટર' લગાવવામાં આવશે.

- તેની સામે ગ્રાહકોને પોતાની જરૂરિયાત પ્રમાણેના ભાવ અને સપ્લાયર પસંદ કરવાની સ્વતંત્રતા મળશે.

**નોંધ :** વર્ષ 2020-21માં વીજળી અને નવીનીકરણીય ઉર્જાના ક્ષેત્રમાં અંદાજે રૂ. 22,000 કરોડની જોગવાઈ કરવામાં આવી છે.

- ભારતમાં રાષ્ટ્રીય ગેસ ગ્રીડની લંબાઈ 16200 કિમીથી વધારીને 27000 કિમી કરવામાં આવશે.
- ભારતમાં ગેસના માર્કેટને વધુ સઘન બનાવવામાં આવશે. પારદર્શક ભાવ અને સરળ ટ્રાન્ઝેક્શન માટે સુધારાઓ કરવામાં આવશે.

## નવી અર્થવ્યવસ્થા (New Economy)

નવી અર્થવ્યવસ્થા એવા ઈનોવેશન પર આધારિત હોય છે કે જે પહેલાથી સ્થાપિત બિઝનેસ મોડલનું સ્થાન લે છે.

- હવે જ્યારે 'Data is the new Oil' સૂક્તિ સાર્થક થઈ રહી છે ત્યારે ભારતમાં ટૂંક સમયમાં એવી પોલિસી બનાવવામાં આવશે કે જેથી ભારતના વિવિધ ભાગોમાં પ્રાઈવેટ સેક્ટર Data Centre Parksની સ્થાપના કરી શકે.
- ભારતમાં ગ્રામ પંચાયત સ્તરે તમામ 6 જાહેર સંસ્થાઓ આંગણવાડી, હેલ્થ એન્ડ વેલનેસ સેન્ટર, સરકારી સ્કૂલ, જાહેર વિતરણ સિસ્ટમ (PDS)ની દુકાનો, પોસ્ટ ઓફિસ અને પોલીસ સ્ટેશનોમાં ડિજિટલ કનેક્ટિવિટી ઉપલબ્ધ કરાવવામાં આવશે.
- આ માટે ભારતનેટના માધ્યમથી Fiber to the Home (FTTH) કનેક્શનોથી આ વર્ષે 1 લાખ ગ્રામ પંચાયતોને જોડવામાં આવશે.

**નોંધ :** વર્ષ 2020-21 દરમિયાન ભારતનેટ પ્રોગ્રામ માટે બજેટમાં રૂ. 6000 કરોડની જોગવાઈ કરવામાં આવી છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

**ભારતમાં બૌદ્ધિક સંપત્તિના સર્જન અને સંરક્ષણ માટે –**

(1) ભારતમાં એવા ડિજિટલ પ્લેટફોર્મને પ્રોત્સાહન આપવામાં આવશે કે જે Seamless Application અને Capture of IPRsની સુવિધા આપતું હોય. આ ઉપરાંત ભારતમાં Institute of Excellenceમાં એક એવું સેન્ટર શરૂ કરવામાં આવશે કે જે બૌદ્ધિક સંપત્તિના ક્ષેત્રમાં જટિલતા અને નવોન્મેષ પર કાર્ય કરતું હોય.

(2) નવા અને ઉભરતા ક્ષેત્રો સહિત જુદા જુદા તમામ ટેક્નોલોજી સેક્ટરમાં Knowledge Translation Clustersની સ્થાપના કરવામાં આવશે.

(3) ભારતમાં જિનેટિક લેન્ડસ્કેપના મેપિંગને આગળ વધારવા વ્યાપક ડેટાબેઝ તૈયાર કરવા બે નવી રાષ્ટ્ર સ્તરની વિજ્ઞાન યોજનાઓનો પ્રારંભ કરવામાં આવશે.

(4) પ્રથમ ચરણના સ્ટાર્ટઅપના ઉદ્ભવ અને વિકાસને પ્રોત્સાહન આપવા માટે સરકાર દ્વારા Seed Fund સહિત early life funding ઉપલબ્ધ કરાવવામાં આવશે.

- ક્વાન્ટમ ટેક્નોલોજી અને એપ્લિકેશનો અંગેના રાષ્ટ્રીય મિશન માટે સરકાર 5 વર્ષમાં રૂ. 8000 કરોડનો ખર્ચ કરશે.

JOIN Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

## મહિલા અને બાળ, સામાજિક કલ્યાણ

મહિલા અને બાળ તેમજ સમાજ કલ્યાણ માટે બજેટમાં કરવામાં આવેલી જોગવાઈ આ પ્રમાણે છે :

| ક્રમ | ક્ષેત્ર/પ્રોગ્રામ | 2020-21માં અંદાજિત જોગવાઈ રૂપિયા કરોડમાં |
|---|---|---|
| 1 | પોષણ સંબંધી કાર્યક્રમો માટે | 35600 |
| 2 | મહિલાઓ માટેના વિશિષ્ટ કાર્યક્રમો માટે | 28600 |
| 3 | અનુસૂચિત જાતિ અને અન્ય પછાત વર્ગોના કલ્યાણ માટે | 85000 |
| 4 | અનુસૂચિત જનજાતિના વિકાસ અને કલ્યાણ માટે | 53700 |
| 5 | વરિષ્ઠ નાગરિકો અને દિવ્યાંગો માટે | 9,500 |

## સંસ્કૃતિ અને પ્રવાસન

ભારતમાં પુરાતત્ત્વીય સંશોધન અને પ્રવાસન ઉદ્યોગના વિકાસ માટે કેન્દ્ર સરકારના સંસ્કૃતિ મંત્રાલય અંતર્ગત એક 'Indian Institute of Heritage and Conservation'ની સ્થાપના કરવામાં આવશે.

- અને તેને Deemed Universityનો દરજ્જો પણ આપવામાં આવશે.
- સ્થાનિક સંગ્રહાલય વાળા ભારતના 5 પુરાતત્ત્વીય સ્થળોને Iconic Sites તરીકે વિકસાવવામાં આવશે.
- આ પાંચ આઈકોનિક સાઈટમાં નીચેના સ્થળોનો સમાવેશ થાય છે :

**5 Iconic Sites**

| ક્રમ | સ્થળ | રાજ્ય |
|---|---|---|
| 1 | ધોળાવીરા | ગુજરાત |
| 2 | રાખીગઢી | હરિયાણા |
| 3 | હસ્તિનાપુર | ઉત્તરપ્રદેશ |
| 4 | શિવસાગર | આસામ |
| 5 | અદિચનલ્લૂર | તમિલનાડુ |

- ભારતમાં કોલકાતા ખાતે આવેલા ભારતના સૌથી જૂના 'ભારતીય સંગ્રહાલય' (Indian Museum)નો પુનરુદ્ધાર કરવાની વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ તાજેતરમાં જાહેરાત કરી હતી.
- કોલકાતા ખાતે આવેલા આ ઐતિહાસિક જૂના ટંકશાળ ભવનમાં મુદ્રા અને વ્યાપાર વિષયક એક સંગ્રહાલય પણ બનાવવામાં આવશે.
- આ ઉપરાંત ભારતમાં બીજા ચાર સંગ્રહાલયોનું Renovation અને Re-curation કરવામાં આવશે.
- ઝારખંડના રાંચી ખાતે એક આદિવાસી સંગ્રહાલય (Tribal Museum)ની સ્થાપના માટે કેન્દ્ર સરકાર સહાય આપશે.
- ભારતમાં કેન્દ્ર સરકારના શિપિંગ મંત્રાલય દ્વારા ગુજરાતના લોથલ ખાતે Maritime Museum (દરિયાઈ અથવા તો જહાજ સંગ્રહાલય)ની સ્થાપના કરવામાં આવશે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

JOIN Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

**નોંધ :** કેન્દ્ર સરકારના સંસ્કૃતિ મંત્રાલય માટે વર્ષ 2020-21ના બજેટમાં રૂ. 3,150 કરોડની જોગવાઈ કરવામાં આવી છે. WEF દ્વારા પ્રસિદ્ધ થતા Travel & Tourism Competitive Index 2014માં ભારત 65મા ક્રમે હતું, જે 2019માં ઘટીને 34 થઈ ગયો છે.

- આમ, ભારતમાં પ્રવાસન ક્ષેત્રના વિકાસ માટે સતત પ્રગતિ થઈ રહી છે.

**નોંધ :** પ્રવાસન ક્ષેત્રના વિકાસ માટે વર્ષ 2020-21 માટે રૂ. 2500 કરોડની જોગવાઈ કરવામાં આવી છે.


GPSCદ્વારા ICEના 170થી વધુ અધિકારીશ્રીઓ

GPSC
ADVANCE BATCH

883+ ભરતી જાહેર

CLASS 1/2 • P.I. • S.T.I. • DY.SO • DY.MAM.
RFO • ACCOUNT OFFICER etc...

32+ Weekly Test
FREE MEGA MOCK TEST SERIES

બેઝિકથી ડેપ્થ સુધીની સંપૂર્ણ તૈયારી

- પ્રિલિમ્સ અને મેઈન્સની સંયુક્ત તૈયારી
- UPSC લેવલ Detail Study Materials
- FACTSની સાથે CONCEPT આધારિત તૈયારી
- GPSC CLASS 1 / 2ની એક્સપર્ટ ટીમ દ્વારા કોચિંગ
- GPSC CLASS 1 / 2 ઓફિસર બનેલા ટોપર્સ વિદ્યાર્થી ઉમેદવારોનું સ્વાનુભવસિદ્ધ માર્ગદર્શન
- કરંટ અફેર્સના સ્પેશિયલ લેક્ચર

10% DISCOUNT

ફ્રી ટ્રાયલ લેક્ચર નવી બેચ

રજિસ્ટ્રેશન ફરજિયાત

રાજકોટ 93757-01110
અમદાવાદ 84695-01110
ગાંધીનગર 81406-01110
જુનાગઢ 76985-01110

ICE®
INSTITUTE FOR COMPETITIVE EXAMS

## પર્યાવરણ અને આબોહવા પરિવર્તન

ભારતમાં ખૂબ જ જૂના અને જેનું કાર્બન ઉત્સર્જનનું પ્રમાણ ખૂબ જ વધારે હોય એવા Thermal Power Plant (જળ વિદ્યુત મથક)ને બંધ કરવામાં આવશે.

- ભારતમાં **એક મિલિયન** અથવા તો **10 લાખથી વધુ** વસતી ધરાવતા **શહેરો**માં સ્વચ્છ **હવા** ઉપલબ્ધ કરાવવા માટે જો કોઈ રાજ્ય સરકાર દ્વારા યોજના બનાવીને અમલમાં મૂકવામાં આવશે તો કેન્દ્ર સરકાર દ્વારા તેને પ્રોત્સાહન આપવામાં આવશે.
- આ માટેના માપદંડ કેન્દ્ર સરકારના **પર્યાવરણ, વન અને આબોહવા પરિવર્તન મંત્રાલય** દ્વારા જાહેર કરવામાં આવશે.
- આ માટે બજેટમાં વર્ષ **2020-21** માટે **રૂ. 4400 કરોડ**ની જોગવાઈ કરવામાં આવી છે.

## શાસન (Governance)

ભારતના વડાપ્રધાન **શ્રી નરેન્દ્રભાઈ મોદી**એ દેશની શાસન વ્યવસ્થાના સંદર્ભમાં દેશના નાગરિકો માટે **'Ease of Living'** અને **'Ease of doing Business'**નો મંત્ર આપ્યો હતો.

- આ બજેટમાં કેન્દ્ર સરકાર દ્વારા તેમાં **'Taxpayer Charter'**નો ઉમેરો કરવામાં આવ્યો છે.
- જેના દ્વારા દેશના કરદાતાઓને કોઈપણ પ્રકારની તકલીફ ન પડે તે માટે સરકાર સતત પ્રયત્નશીલ રહેશે તેની પ્રતિબદ્ધતા વ્યક્ત કરવામાં આવી છે.
- ભારતમાં **Non-Gazetted Posts in Governments** અને **Public Sector banks**ની ભરતી પ્રક્રિયામાં સરકાર મોટું પરિવર્તન કરવા જઈ રહી છે.
- ભારતમાં હાલ એક જ પ્રકારની જોબ માટે વિદ્યાર્થીઓએ અલગ અલગ અનેક સ્પર્ધાત્મક પરીક્ષાઓ આપવી પડે છે. આથી, આ સમસ્યાના ઉકેલ માટે કેન્દ્ર સરકાર દ્વારા કોમ્પ્યુટર આધારિત ઓનલાઈન Common Eligibility Testનું આયોજન કરવામાં આવશે.
- આ પરીક્ષાના આયોજન માટે ભારતમાં એક સ્વતંત્ર, પ્રોફેશનલ અને સ્પેશિયાલિસ્ટ સંસ્થા તરીકે **'National Recruitment Agency (NRA)'**ની સ્થાપના કરવામાં આવશે.
- આ માટે **દેશના દરેક જિલ્લામાં** અને એમાંય ખાસ કરીને **આકાંક્ષી જિલ્લા**માં એક Test Centre (પરીક્ષા કેન્દ્ર)ની સ્થાપના કરવામાં આવશે.
- વર્ષ **2022**માં **G20 સંમેલન ભારત**માં યોજાશે. આ સંમેલનની પૂર્વ તૈયારી માટે બજેટમાં **રૂ. 100 કરોડ**ની જોગવાઈ કરવામાં આવી છે.
- ભારતમાં નવ રચિત કેન્દ્રશાસિત પ્રદેશ **જમ્મુ કાશ્મીર**ના વિકાસ માટે વર્ષ **2020-21**ના બજેટમાં **રૂ. 30,757 કરોડ**ની જોગવાઈ કરવામાં આવી છે.
- કેન્દ્રશાસિત પ્રદેશ **લદાખ** માટે **રૂ. 5,958 કરોડ** ફાળવવામાં આવ્યા છે.

## નાણાકીય ક્ષેત્ર (Financial Sector)

ભારતમાં બેન્ક થાપણદારોને અત્યાર સુધી બેન્કમાં જમા તેમની થાપણ પર થાપણદાર દીઠ **રૂ. 1 લાખનું વીમા કવચ** મળતું હતું.

- જે **રૂ. 1 લાખ**થી વધારીને હવે **રૂ. 5 લાખ** કરવામાં આવ્યું છે.
- આ માટે કેન્દ્ર સરકારે **Deposit Insurance and Credit Guarantee Corporation (DICGC)**ને મંજૂરી આપી દીધી છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

JOIN Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

- ભારતમાં સહકારી બેન્કો (Cooperative Banks)ને સુદઢ બનાવવા માટે Banking Regulation Actમાં સુધારો કરવામાં આવશે.
- ભારતમાં Securitization and Reconstruction of Financial Assets and Enforcement of Security Interest (SARFAESI) Act 2002ની જોગવાઈ અનુસાર ઋણ વસૂલી (Debt Recovery) માટે NBFCsની પાત્રતાનું ધોરણ તેની સંપત્તિનું કદ રૂ. 500 કરોડ અને લોનની રકમ રૂ. 1 કરોડ હતી. જે ઘટાડીને હવે સંપત્તિનું કદ રૂ. 500 કરોડથી ઘટાડી રૂ. 100 કરોડ અને લોનની મર્યાદા રૂ. 1 કરોડથી ઘટાડીને રૂ. 50 લાખ કરવામાં આવી છે.
- ભારતમાં મૂડી સર્જન માટે કેન્દ્ર સરકાર IDBI Bankમાંનો હિસ્સો સ્ટોક એક્સચેન્જના માધ્યમથી પ્રાઈવેટ, રીટેઈલ અને સંસ્થાગત રોકાણકારોને વેચશે.

**ભારતમાં MSME સેક્ટરને પ્રોત્સાહન આપવા માટે સરકાર નીચેના પગલાંઓ લેશે :**

(1) Factor Regulation Act 2011માં સુધારો કરવામાં આવશે. જેનાથી TReDSના માધ્યમથી NBFC MSMEના Invoice Financingના વિસ્તાર માટે સક્ષમ થશે.

(2) MSME ઈન્ટરપ્રિન્યોર્સ માટે અધીનસ્થ ઋણ (Subordinate Debt) ઉપલબ્ધ કરાવવા એક યોજના શરૂ કરવામાં આવશે.

(3) RBIની Restructuring of debt વિન્ડોથી ગયા વર્ષે 5 લાખ જેટલા MSMEને લાભ થયો હતો. આ Restructuring Windowની મુદત 31 માર્ચ, 2020ના રોજ પૂરી થઈ રહી છે. આ વિન્ડોની મુદત વધારીને 31 માર્ચ, 2021 સુધી લંબાવવા અંગે વિચારણા કરવા કેન્દ્ર સરકારે RBIને સૂચન કર્યું છે.

(4) MSME એકમો માટે ભારતમાં એક એપ્લિકેશન આધારિત Invoice Financing Loan Product શરૂ કરવામાં આવશે. જેનાથી MSME ઉદ્યોગની લેટ પેમેન્ટની અને રોકડ પ્રવાહની સમસ્યા દૂર થશે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

ભારતમાં મધ્યમ કદની એવી અનેક કંપનીઓ છે કે જે ઘર આંગણે ખૂબ જ સફળ છે. પરંતુ Export Market (નિકાસ બજાર)માં તેનું પ્રદર્શન બહુ સારું નથી.

- આથી આવી કંપનીઓ નિકાસ ક્ષેત્રે સારું પ્રદર્શન કરી શકે તે માટે સરકારે રૂ. 1000 કરોડની યોજનાની જાહેરાત કરી છે.
- આ યોજના અંતર્ગત Pharmaceuticals, Auto Components વગેરે જેવી કંપનીઓને સરકાર Technology Upgradations, R&D, Business Strategy વગેરે માટે સહાય કરશે.
- SIDBI સાથે મળીને EXIM Bank આ યોજનાનો પ્રારંભ કરશે.
- કુલ રૂ. 1000 કરોડની આ યોજનામાંથી SIDBI અને EXIM Bank 50-50 કરોડ રૂપિયા એટલે કુલ રૂ. 100 કરોડ આપશે.
- આ રકમનો ઉપયોગ Equity અને Technical સહાય માટે થશે.
- બાકીના રૂ. 900 કરોડ બેંકો દ્વારા Debt Funding (ઋણ ભંડોળ) સ્વરૂપે ઉપલબ્ધ કરાવવામાં આવશે.

**નોંધ :** (1) SIDBIનું પૂરું નામ Small Industries Development Bank of India છે.

(2) EXIM Bankનું પૂરું નામ Export-Import Bank છે.

## નાણાકીય બજારો (Financial Markets)

ભારતમાં વિદેશી મૂડી રોકાણને આકર્ષવા માટે –

(1) ચોક્કસ કેટેગરીની કેટલીક Government Securitiesને હવે ઘરેલુ રોકાણકારો તેમજ અનિવાસી રોકાણકારો માટે પણ ખોલવામાં આવશે.

(2) ભારતમાં કોર્પોરેટ બોન્ડમાં FPI માટેની મર્યાદા હાલ Outstanding Stockના 9 ટકા છે. આ મર્યાદા 9 ટકાથી વધારીને હવે 15 ટકા કરવામાં આવી છે.

- સરકાર દ્વારા તાજેતરમાં શરૂ કરવામાં આવેલ ઋણ આધારિત Exchange Traded Fund (ETF)ને ખૂબ જ સારી સફળતા મળી છે.
- આથી હવે સરકાર તેમાં Government Securitiesનો ઉમેરો કરીને તેનો વિસ્તાર કરશે અને એક નવી Debt-ETF લોન્ચ કરવામાં આવશે. જેનાથી નાના રોકાણકારો સરકારી સિક્યુરિટીમાં રોકાણ કરી શકશે.
- ભારતમાં NBFCsને નાણાકીય સહાય મળી રહે તે માટે એક Mechanism તૈયાર કરવામાં આવશે. અને સરકાર તેમાં સિક્યુરીટીની ગેરંટી આપીને NBFCsને સહાય કરશે.

ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ઈન્ફ્રાસ્ટ્રક્ચર ફાઈનાન્સિંગ

ગુજરાતમાં ગાંધીનગર ખાતે આવેલ GIFT Cityમાં International Bullion Exchange(s) શરૂ કરવામાં આવશે. જેનાથી ભારતમાં વધુ સારી કિંમતે સોનું મેળવવાનો વિકલ્પ ઉપલબ્ધ થશે.

નોંધ : (1) GIFT Cityનું નામ Gujarat International Finance Tec - City છે.

(2) ગાંધીનગર ખાતે આવેલ ગિફ્ટ સિટીમાં હાલ International Financial Service Centre (IFSC) પણ કાર્યરત છે.

# બજેટમાં ટેક્સમાં પરિવર્તન

## નવી સરળ ઈન્કમ ટેક્સ વ્યવસ્થાની જાહેરાત

ભારતમાં વ્યક્તિગત ઈન્કમ ટેક્સ વ્યવસ્થાને વધુ સરળ બનાવવા માટે બજેટમાં પહેલી વખત એક સાથે બે સિસ્ટમની જાહેરાત કરવામાં આવી છે :

(1) જેમાં પહેલી સિસ્ટમમાં ભારતમાં હાલ જે આવકવેરાની વ્યવસ્થા છે તે ચાલુ રહેશે. જેમાં બચત, રોકાણ અને હોમ લોન જેવા વિકલ્પો પર કરમાં છૂટ મળે છે.

- આ વ્યવસ્થા અંતર્ગત ટેક્સના 4 સ્લેબ છે. અને તેમાં આવક પર લાગતો ટેક્સ આ પ્રમાણે છે :

| ક્રમ | વાર્ષિક આવક રૂપિયામાં | ઈન્કમ ટેક્સનો દર |
|---|---|---|
| 1 | 0થી 2.5 લાખ | 0 (શૂન્ય) |
| 2 | 2.5થી 5 લાખ | 5 ટકા |
| 3 | 5થી 10 લાખ | 20 ટકા |
| 4 | 10 લાખથી વધુ | 30 ટકા |

(2) ઉપરોક્ત જૂની આવકવેરા યોજના ઉપરાંત કેન્દ્ર સરકારે બજેટમાં એક નવી આવકવેરા પદ્ધતિ પણ લોન્ચ કરી છે.

- ઓછા દરોવાળી આ સિસ્ટમમાં NPSમાં રૂ. 50,000ના રોકાણ સિવાય ટેક્સમાં અન્ય કોઈપણ પ્રકારની છૂટ મળશે નહિ.
- આ નવી વ્યવસ્થા અંતર્ગત ટેક્સના 7 સ્લેબ છે. અને તેમાં આવક પર લાગતો ટેક્સ આ પ્રમાણે છે :

| ક્રમ | વાર્ષિક આવક રૂપિયામાં | ઈન્કમ ટેક્સનો દર |
|---|---|---|
| 1 | 0થી 2.5 લાખ | 0 (શૂન્ય) |
| 2 | 2.5થી 5 લાખ | 5 ટકા |
| 3 | 5થી 7.5 લાખ | 10 ટકા |
| 4 | 7.5થી 10 લાખ | 15 ટકા |
| 5 | 10થી 12.5 લાખ | 20 ટકા |
| 6 | 12.5થી 15 લાખ | 25 ટકા |
| 7 | 15 લાખથી વધુ | 30 ટકા |

નોંધ : કરદાતા ટેક્સ ચૂકવવા માટે ઉપરોક્ત બંનેમાંથી કોઈપણ વ્યવસ્થાની પસંદગી કરી શકશે.

## ટેક્સના દરોમાં અન્ય ફેરફાર

- ભારતમાં કંપનીઓએ ચૂકવવો પડતો 15 ટકા જેટલો ડિવિડંડ ડિસ્ટ્રીબ્યુશન ટેક્સ (DDT) કંપનીઓ પાસેથી ન લેવાનો સરકારે નિર્ણય કર્યો છે.
- જોકે ડિવિડંડ મેળવનાર વ્યક્તિએ ડિવિડંડની રકમ પર ટેક્સ ચૂકવવાનો રહેશે.
- ભારતમાં વીજળી ક્ષેત્રે રોકાણ આકર્ષવા માટે આ ક્ષેત્રમાં રોકાણ કરનાર ઘરેલુ કંપનીઓ માટે કોર્પોરેટ ટેક્સનો દર 15 ટકા રહેશે.
- ભારતમાં પ્રાથમિક સેક્ટરમાં વિદેશી સરકારોના Sovereign Wealth Fund દ્વારા રોકાણને આકર્ષવા માટે તેમને ટેક્સમાં 100 ટકા છૂટ આપવામાં આવી છે.
- આ માટે તેમણે 31 માર્ચ, 2024 પહેલા અને ઓછામાં ઓછી ત્રણ વર્ષની લોક-ઈન મુદત માટે ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને અન્ય નોટિફાઈડ સેક્ટરમાં રોકાણ કરવાનું રહેશે.
- આ રોકાણના વ્યાજ, નફો અને અન્ય મૂડીગત લાભ પર તેમને ટેક્સમાં 100 ટકા છૂટ આપવામાં આવશે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## 'વિવાદ સે વિશ્વાસ' યોજના

ભારતમાં 'સબકા વિશ્વાસ યોજના'ની સફળતા બાદ કેન્દ્ર સરકારે બજેટમાં નવી 'વિવાદ સે વિશ્વાસ' યોજનાની જાહેરાત કરી છે.

- વિવાદિત ટેક્સના ઉકેલ માટે આ યોજના અંતર્ગત કરદાતાએ વિવાદિત ટેક્સની ફક્ત રકમ જ ચૂકવવાની રહેશે.
- તેમને વ્યાજ અને દંડમાંથી સંપૂર્ણ માફી આપવામાં આવશે.
- જોકે, તેમણે આ રકમ 31 માર્ચ, 2020 સુધીમાં ચૂકવી દેવાની રહેશે.
- 31 માર્ચ, 2020 બાદ આ યોજનાનો લાભ લેનાર વ્યક્તિએ મૂળ રકમ ઉપરાંત વધારાની રકમ ચૂકવવાની રહેશે.
- આ યોજના 30 જૂન, 2020 સુધી અમલમાં રહેશે.

## MSME

- ભારતમાં અગાઉ રૂ. 1 કરોડથી વધુનું ટર્નઓવર ધરાવતા MSME એકમો માટે ઓડિટ કરાવવું ફરજિયાત હતું.
- રૂ. 1 કરોડની આ મર્યાદા વધારીને હવે રૂ. 5 કરોડ કરવામાં આવી છે.
- આથી, રૂ. 5 કરોડથી ઓછું ટર્નઓવર ધરાવતા MSME એકમોએ હવે ઓડિટ કરાવવાની જરૂર રહેશે નહિ.

# STI PRELIMS

# ફ્રી MOCK TEST

**OPEN TO ALL**

આ ફ્રી પેપર પ્રેક્ટીસમાં
દરેક વિદ્યાર્થીઓ ભાગ લઈ શકશે

## દરેક પેપરના 200 માર્ક્સ અને 2 કલાક

| | |
|---|---|
| PAPER - 1 (full syllabus) | 08 MAR-20 |
| PAPER - 2 (full syllabus) | 15 MAR-20 |
| PAPER - 3 (full syllabus) | 22 MAR-20 |
| PAPER - 4 (full syllabus) | 29 MAR-20 |
| PAPER - 5 (full syllabus) | 05 APR-20 |
| PAPER - 6 (full syllabus) | 12 APR-20 |



- તાજેતરમાં GPSC CLASS 1/2 બનેલા ઓફિસર દ્વારા તૈયાર કરવામાં આવેલા પેપર
- પેપર અટેન્ડ કરવાની યોગ્ય પદ્ધતિ
- બે ઓપ્શન વચ્ચેની સંભાવનાઓમાં સચોટ જવાબ માટે કેલ્ક્યુલેટિવ રિસ્ક ટેક્નિક અંગે માર્ગદર્શન
- પૂર્ણ સંભાવના ધરાવતા પ્રશ્નોની વિશાળ શૃંખલા
- કન્સેપ્ચ્યુઅલ અને ફેક્ચ્યુઅલ ડેટાનું કોમ્બિનેશન

**રજીસ્ટ્રેશન ફરજિયાત**

ICE®
INSTITUTE FOR COMPETITIVE EXAMS

| રાજકોટ | અમદાવાદ | ગાંધીનગર | જૂનાગઢ |
|---|---|---|---|
| 9375701110 | 84695-01110 | 81406-01110 | 76985-01110 |

icerajkotofficial | www.iceonline.in | icerajkot

## ભારતમાં બજેટનો ઈતિહાસ

(1) ભારતમાં **સૌપ્રથમ 18 ફેબ્રુઆરી 1860**ના રોજ બ્રિટિશ સરકારના નાણાંમંત્રી **શ્રી જેમ્સ વિલ્સને** બજેટ રજૂ કર્યું હતું. તેથી **જેમ્સ વિલ્સન**ને **ભારતીય બજેટ પદ્ધતિના પિતા** કહેવામાં આવે છે.

(2) આઝાદી બાદ ભારતનું પ્રથમ બજેટ **નાણાં મંત્રી શ્રી આર. કે. શણમુખમ શેટ્ટી**એ **26 નવેમ્બર, 1947**ના રોજ રજૂ કર્યું હતું. જયારે પ્રજાસત્તાક ભારતનું પ્રથમ બજેટ **શ્રી જોન મથાઈ**એ રજૂ કર્યું હતું.

(3) ભારતમાં **1921**માં **વિલિયમ એકવર્થ સમિતિ**ની ભલામણથી રેલવે બજેટને કેન્દ્રીય બજેટથી અલગ કરવામાં આવ્યું હતું. અને તે સૌપ્રથમ **1924**માં રજૂ થયું હતું.

(4) ત્યારબાદ **1924 થી 2016** સુધી રેલવે બજેટ કેન્દ્રીય બજેટથી અલગ રજૂ થતું હતું.

(5) જોકે વર્ષ **2017**થી રેલવે બજેટને કેન્દ્રીય બજેટ સાથે મર્જ કરવામાં આવ્યું છે. આથી વર્ષ 2016માં રજૂ થયેલું રેલવે બજેટ ભારતનું અંતિમ સ્વતંત્ર રેલવે બજેટ હતું.

(6) વર્ષ 2016માં ભારતનું અંતિમ રેલવે બજેટ રજૂ કરનાર ભારતના રેલવે મંત્રી **શ્રી સુરેશ પ્રભુ** હતા.

(7) ભારતમાં **વર્ષ 2016** સુધી સામાન્ય બજેટ **ફેબ્રુઆરી મહિનાના અંતિમ કામકાજના દિવસે** રજૂ કરવામાં આવતું હતું. પરંતુ **વર્ષ 2017**થી બજેટ **1 ફેબ્રુઆરી**ના રોજ રજૂ કરવામાં આવે છે.

(8) ફેબ્રુઆરી, 2019 સુધીમાં ભારતમાં સૌથી વધુ બજેટ રજૂ કરવાનો રેકોર્ડ **શ્રી મોરારજીભાઈ દેસાઈ**ના નામે છે.

(9) **શ્રી મોરારજીભાઈ દેસાઈ**એ સૌથી વધુ **10 વખત** ત્યારબાદ **શ્રી પી. ચિદમ્બરમે** **9 વખત** અને **શ્રી પ્રણવ મુખર્જી**એ **8 વખત** બજેટ રજૂ કર્યું છે.


(10) આ ઉપરાંત **29 ફેબ્રુઆરી**ને પોતાના **જન્મદિવસે** બજેટ રજૂ કરનાર **શ્રી મોરારજીભાઈ દેસાઈ** ભારતના એકમાત્ર નાણામંત્રી છે.

(11) ભારતનું બજેટ રજૂ કરનાર **પ્રથમ** મહિલા નાણામંત્રી **શ્રીમતી ઈન્દિરા ગાંધી** છે.

(12) ભારતમાં **26 નવેમ્બર, 1947**ના રોજ **શ્રી આર. કે. શણમુખમ શેટ્ટી**એ રજૂ કરેલું ભારતનું પ્રથમ બજેટ ફક્ત **સાડા સાત મહિનાનું** હતું. આથી, તેને ભારતનું **પ્રથમ 'Interim Budget'** માનવામાં આવે છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®





## ભારતમાં બજેટ અંગેની બંધારણીય જોગવાઈ

(1) બજેટ માત્ર લોકસભામાં જ રજૂ થાય છે અને રાજ્યસભામાં માત્ર સહમતી માટે મોકલાય છે.

(2) રાજ્યસભા બજેટમાં કોઈ સુધારો કે તેનો અસ્વીકાર કરી શકશે નહિ, પરંતુ ફક્ત સલાહ આપી શકે છે અને 14 દિવસમાં રાજ્યસભાએ બજેટને પરત મોકલવાનું રહેશે.

(3) લોકસભા રાજ્યસભાની ભલામણોનો સ્વીકાર કે અસ્વીકાર કરી શકે છે.

(4) ભારતીય બંધારણના અનુચ્છેદ-112માં બજેટને લગતી જોગવાઈ કરવામાં આવી છે.

(5) ભારતીય બંધારણમાં બજેટ (અંદાજપત્ર) શબ્દનો પ્રયોગ થયો નથી. બંધારણના અનુચ્છેદ-112માં વાર્ષિક નાણાંકીય પત્રક/વાર્ષિક નાણાકીય આવક-જાવકના વિવરણની જોગવાઈ કરવામાં આવી છે.

(6) રાષ્ટ્રપતિ દરેક નાણાંકીય વર્ષમાં કેન્દ્રીય નાણાં મંત્રી દ્વારા સંસદમાં બજેટ રજૂ કરાવે છે.

(7) ભારતીય બંધારણના અનુચ્છેદ 116માં લેખાનુદાન (Vote on Account)ની જોગવાઈ કરવામાં આવી છે.

## ભારતમાં બજેટ પસાર કરવાની પ્રક્રિયા

(1) ભારતમાં નાણાં મંત્રાલય દ્વારા બજેટ તૈયાર કરવામાં આવે છે.

(2) આ બજેટ ભારતના રાષ્ટ્રપતિ વતી ભારતના નાણામંત્રી દ્વારા લોકસભામાં રજૂ કરવામાં આવે છે. ત્યારબાદ તેને સહમતી માટે રાજ્યસભામાં મોકલવામાં આવે છે.

(3) બજેટ રજૂ થયા બાદ બંને ગૃહમાં ત્રણથી ચાર દિવસ બજેટ પર સામાન્ય ચર્ચા થાય છે.

(4) બજેટ પર સામાન્ય ચર્ચા પૂરી થયા પછી સંસદને ત્રણ કે ચાર અઠવાડિયા સુધી સ્થગિત કરવામાં આવે છે. આ સમયગાળા દરમિયાન સંસદની સ્થાયી સમિતિઓ અનુદાનની માંગણીઓની ચકાસણી કરીને તેના પર રિપોર્ટ તૈયાર કરે છે. આ રિપોર્ટ બંને ગૃહોમાં વિચાર માટે મોકલાય છે.

(5) વિભાગીય સ્થાયી સમિતિઓની ચકાસણી બાદ લોકસભામાં અનુદાનની માંગણીઓ પર મતદાન થાય છે.

(6) ત્યારબાદ બંધારણના અનુચ્છેદ-114 મુજબ સંચિત ભંડોળમાંથી નાણાં મેળવવા માટે વિનિયોગ ખરડો સંસદમાં રજૂ કરવામાં આવે છે.

(7) વિનિયોગ ખરડો રજૂ થયા બાદ નાણાંકીય ખરડો પસાર કરવામાં આવે છે. (નાણાંકીય ખરડો બજેટના દરેક પક્ષને કાયદાકીય માન્યતા પ્રાપ્ત કરાવે છે અને બજેટને પ્રભાવી સ્વરૂપ આપે છે.)

(8) ત્યારબાદ બજેટને રાષ્ટ્રપતિની મંજૂરી માટે મોકલવામાં આવે છે. રાષ્ટ્રપતિની મંજૂરી બાદ બજેટ અમલમાં આવે છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

# અંદાજપત્ર : એક પરિચય

સરકાર દ્વારા આવનારા નાણાકીય વર્ષ માટે રજૂ કરવામાં આવનાર ખર્ચ અને આવકના અંદાજોના હિસાબપત્રને અંદાજપત્ર કહેવામાં આવે છે.

- અંદાજપત્ર આવનારા વર્ષના આવક–ખર્ચના અંદાજિત હિસાબો દર્શાવે છે.
- **અંદાજપત્રની મુખ્ય બાબતો :**
  - અંદાજપત્ર ખર્ચ અને આવકના અંદાજિત આંકડા આપે છે.
  - તે આવનારા નાણાકીય વર્ષના સંદર્ભે જ રજૂ થાય છે, માટે આ અંદાજો ચોક્કસ સમયગાળા માટે છે એમ કહી શકાય.
  - દરેક સરકારના અંદાજપત્રનો મુખ્ય હેતુ દેશના આર્થિક વિકાસ અને પ્રજાના કલ્યાણનો છે.
  - દરેક સરકારે પોતાના અંદાજપત્રને અમલમાં મૂકતા પહેલાં લોકસભા, વિધાનસભા કે સ્થાનિક સભાની મંજૂરી મેળવવી પડે છે.
  - અંદાજપત્ર સામાન્ય રીતે કેન્દ્ર કે રાજ્ય સરકારના નાણામંત્રી રજૂ કરે છે.




ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## સમતોલ અંદાજપત્ર

- આવક અને ખર્ચના વાસ્તવિક અંદાજો પ્રમાણે સમતોલ અંદાજપત્ર એટલે એવું અંદાજપત્ર કે જ્યાં સરકારનો અંદાજિત
ખર્ચ તેની અંદાજિત આવક જેટલો જ હોય.
- આ આદર્શ સ્થિતિ, જ્યાં સરકારના ખર્ચ અને આવકના અંદાજો સરખા હોય. વિકસતા દેશો માટે આવું અંદાજપત્ર બિનવ્યવહારું છે. જ્યારે અમુક વિકસિત દેશોમાં સંરક્ષણ અને વૃદ્ધિ–દર વધારવા માટે રાજ્ય વધુ ખર્ચ કરે છે અને

**સમતોલ અંદાજપત્રના ફાયદા :**

- આર્થિક સ્થિરતા જળવાઈ રહે છે.
- આવક અને ખર્ચના અંદાજો સરખા રહે તે માટે સરકાર બિનજરૂરી ખર્ચ તથા બિનજરૂરી વેરા ઘટાડે છે.
- પ્રજા પર બોજ વધતો નથી.

**સમતોલ અંદાજપત્રના ગેરફાયદા :**

- સરકાર સમતોલ અંદાજપત્ર ટકાવવા માટે જરૂરી ખર્ચા ઘટાડે તો પ્રજાના કલ્યાણ પર અસર કરે છે.
- સરકાર ખર્ચ ન ઘટાડે અને સમતોલ અંદાજપત્ર જાળવવા વેરા વધારે તો પ્રજા પર બોજ વધે, તો તે આર્થિક વિકાસને અવરોધરૂપ બને.

**ICE FACT**

- શ્રી એડમ સ્મિથે સમતોલ અંદાજપત્રની તરફેણ કરી હતી.
- શ્રી જે. એમ. કેઈન્સે અસમતોલ અંદાજપત્રની ભલામણ કરી હતી.
- કેઈન્સના મત મુજબ અર્થતત્રમાં રોજગારી ટકાવી રાખવા રાજ્યે વધુ ખર્ચ કરવો આવશ્યક બને છે.

## અસમતોલ અંદાજપત્ર

આ પ્રકારના અંદાજપત્રમાં અંદાજિત આવક અને અંદાજિત ખર્ચ સરખા થતા નથી. આવી અસમતુલા બે રીતે હોય છે :

### ખાધવાળું અંદાજપત્ર :

- સરકારનો અંદાજિત ખર્ચ જ્યારે સરકારની અંદાજિત આવક કરતાં વધુ હોય તેવા અંદાજપત્રને ખાધવાળું કહેવામાં આવે છે.

**ખાધવાળું અંદાજપત્ર = અંદાજિત ખર્ચ > અંદાજિત આવક**

- વિકસતા દેશોમાં સરકારો આર્થિક વિકાસ માટે ખૂબ જાહેર ખર્ચ કરતા હોય છે.
- સંરક્ષણ, શિક્ષણ, સામાજિક સેવાઓ વગેરે પાછળ આ ખર્ચ થાય છે.
- આથી સરકાર પાસે આવકનાં સાધનો ઓછાં હોય છે, કરવેરા ભરવાની ક્ષમતા લોકોમાં ઓછી હોય છે. માટે આવક કરતાં ખર્ચ વધારે થાય છે અને ખાધવાળું અંદાજપત્ર બને છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

**ખાધવાળા અંદાજપત્રના ફાયદા**

- આવા અંદાજપત્ર વિકાસલક્ષી અને કલ્યાણલક્ષી ગણવામાં આવે છે.
- મંદીના અર્થતંત્રમાં ખાધવાળા અંદાજપત્રથી ખર્ચ દ્વારા રોજગારી સર્જી શકાય છે. આવા અંદાજપત્ર આર્થિકવૃદ્ધિ વધારવામાં મદદ કરે છે.
- ખાધવાળા અંદાજપત્રમાં કરવેરાનો બોજો ઓછો હોય છે.

**ખાધવાળા અંદાજપત્રના ગેરફાયદા**

- કેટલીક વખત સરકાર વધુ પડતો ખર્ચ કરીને તેને પૂરો કરવા દેવું કરે છે અને દેવાનો બોજ વધે છે.
- સરકારના ખર્ચ પર નિયંત્રણ રહેતું નથી.
- પ્રજાએ કરવેરા દ્વારા ચૂકવેલાં નાણાંનો બિનકાર્યક્ષમ ખર્ચ થાય છે.

### પુરાંતવાળું અંદાજપત્ર :

અંદાજિત ખર્ચ કરતાં અંદાજિત આવક વધારે હોય તેવું અંદાજપત્ર પુરાંતવાળું અંદાજપત્ર કહેવામાં આવે છે. આવા અંદાજપત્ર ખાસ કરીને વિકસિત દેશોમાં જોવા મળે છે. અહીં સરકારનું ખર્ચ ઓછું અને આવક વધારે હોવાથી પુરાંતવાળું હોય છે.

### પુરાંતવાળા અંદાજપત્રના ફાયદા

- પુરાંતવાળા અંદાજપત્રથી રાજ્ય ફૂગાવાના સમયે પ્રજા પાસેથી વધુ વેરા લઈ પ્રજા પાસેનું અધિક ધન ખેંચી લઈ શકે અને ફૂગાવાને કાબૂમાં લાવી શકે.
- પુરાંતવાળા અંદાજપત્રમાં સરકારે ખર્ચને પહોંચી વળવા માટે દેવું કરવું પડતું નથી.
- પ્રજા પર ભવિષ્યમાં કરવેરાનો બોજો પડતો નથી.

### પુરાંતવાળા અંદાજપત્રના ગેરફાયદા

- પુરાંતવાળા અંદાજપત્ર માટે સરકાર જો સામાજિક કલ્યાણ અને વિકાસનાં કાર્યો માટે જરૂરી ખર્ચ પણ ન કરે તો વિકાસને વિપરીત અસર પહોંચે છે.
- મંદીના સમયમાં સરકાર પુરાંતવાળા અંદાજપત્ર માટે નાણાંને પકડી રાખે તો અર્થતંત્રમાં મૂડીરોકાણ, રોજગારી અને ઉત્પાદન પર અસર પડે છે.
- જો દર વર્ષે પુરાંત વધતી જ જાય તો પછી સરકાર તેનું શું કરશે તે પ્રશ્ન મોટો થતો જાય છે. માટે પુરાંતવાળા અંદાજપત્રની પણ મર્યાદા ઊભી થાય.

## અંદાજપત્રનાં ખાતાઓ

અંદાજપત્રની સમજૂતી મેળવવા માટે વિવિધ ખાતાની સમજૂતી મેળવવી જરૂરી છે. એકાઉન્ટની રીતે અંદાજપત્રના હિસાબી ખાતાના બે મુખ્ય ભાગ પડે છે :

(I) જમાબાજુ જ્યાં, રાજ્યની આવકો નોંધાય છે અને

(II) ખર્ચબાજુ, જ્યાં રાજ્યના ખર્ચ નોંધાય છે. આવક અને ખર્ચની બંને બાજુનાં મુખ્ય પાસા નીચે મુજબ છે :

® ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

### આવકબાજુ

#### મહેસૂલી આવક

સરકારને પ્રત્યક્ષ તથા પરોક્ષ કરવેરા દ્વારા જે આવક થાય છે, જાહેર ક્ષેત્રના નફા પેટે જે આવકો મળે છે, વિવિધ પ્રકારની ફી કે દંડ પેટે જે રકમ મળે છે તે મહેસૂલી આવક છે. આવી આવક ચાલુ વર્ષની પ્રવૃત્તિઓથી પ્રાપ્ત થતી ગણાય છે.

#### મૂડી-આવક

રાજ્યએ દેશના બજારમાંથી અને વિદેશમાંથી મેળવેલી લોન, મધ્યસ્થ બેન્કમાંથી લીધેલ કરજ તથા ટ્રેઝરી બિલોના વેચાણ તેમજ વિમૂડીકરણમાંથી થતી આવકો મૂડી ખાતાની આવકો છે.

### ખર્ચબાજુ

#### મહેસૂલી ખર્ચ

સરકાર વિવિધ જાહેર સેવાઓ પાછળ જે ખર્ચ કરે છે. જેમકે, કર્મચારીઓને પગાર–ભથ્થા ચૂકવવા, રાજ્યોને મદદ કરવી, સંરક્ષણ, સબસિડી વગેરે માટે જે ખર્ચ છે તે મહેસૂલી ખર્ચ થાય છે.

#### મૂડીખર્ચ

સરકાર દેવાની ચૂકવણીઓ કરે, રાજ્ય સરકારો, અન્યને જે કરજ આપે, સામાજિક તથા સંરક્ષણક્ષેત્રે મૂડીખર્ચ કરે તે મૂડીખાતાનો ખર્ચ છે.

- આમ અંદાજપત્રને બે ખાતામાં વહેંચી શકાય : (A) મહેસૂલી ખાતુ જયાં મહેસૂલી આવક અને ખર્ચની નોંધણી થાય તથા (B) મૂડી ખાતુ જયાં મૂડી–આવક અને મૂડીખર્ચ નોંધવામાં આવે છે.

JOIN Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

## ભારતના વિવિધ સ્તરની સરકારોના અંદાજપત્ર

- ભારતીય સમવાયતંત્ર ત્રિસ્તરીય છે. માટે આ ત્રણેય કેન્દ્ર, રાજ્ય અને સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાના અંદાજપત્ર સ્વતંત્ર હોય છે.

## કેન્દ્ર સરકારના અંદાજપત્રનો ખ્યાલ :

- ભારતમાં કેન્દ્ર સરકાર વતી દેશના નાણામંત્રી આવનારા નાણાકીય વર્ષમાં થનારા ખર્ચ અને આવકનું અંદાજપત્ર લોકસભામાં રજૂ કરે છે.
- કેન્દ્ર સરકારના અદાંજપત્રની માહિતી:

**મહેસૂલી ખાતું**

| આવક (જમા) | ખર્ચ (ઉધાર) |
|---|---|
| **(1) કર–આવક** | **(1) બિનઆયોજિત ખર્ચ (યોજનામાં ન હોય તેવા)** |
| • પ્રત્યક્ષ કરવેરાથી પ્રાપ્ત થતી આવકો<br>• પરોક્ષ કરવેરાથી પ્રાપ્ત થતી આવકો | • વ્યાજની ચૂકવણી (રાજ્યે/સરકારે ભૂતકાળમાં લીધેલા ધિરાણ પર ચૂકવવાનું વ્યાજ)<br>• સામાજિક સેવાઓ જેવી કે શિક્ષણ, સ્વાસ્થ્ય, પાયાની સુવિધા પાછળ થતો ખર્ચ, વહિવટી સેવા પાછળ થતો ખર્ચ, સામાન્ય સેવાઓ પાછળ થતો ખર્ચ<br>• આર્થિક સેવાઓ જેવી કે ખેતી, ઉદ્યોગ, વીજળી, વાહનવ્યવહાર. ટેક્નોલોજી પાછળ થતો ખર્ચ<br>• રાજ્ય સરકાર અને કેન્દ્રશાસિત પ્રદેશોને અપાતું અનુદાન અને સહાય<br>• સંરક્ષણ પાછળ થતું ખર્ચ<br>• સબસિડી<br>• પેન્શન, પગાર વગેરે |
| **(2) કર સિવાયની આવકો** | **(2) આયોજિત ખર્ચ (યોજનામાં હોય તેવા)** |
| • સરકારે આપેલા ધિરાણ પર મળનારા વ્યાજની આવક<br>• જાહેર ઉદ્યોગમાંથી મળેલા નફા અને ડિવિડન્ડની આવક<br>• જાહેર સેવા–સુવિધામાંથી પ્રાપ્ત ફી તથા દંડની આવ<br>• વિદેશોમાંથી પ્રાપ્ત થતું સહાયક અનુદાન | • ખેતી, ઉદ્યોગો, સિંચાઈ, સૂચના, પ્રસારણ, ઊર્જા, ખનીજ, વાહનવ્યવહાર અન્ય ક્ષેત્રો પાછળ થતો આયોજિત ખર્ચ<br>• કેન્દ્ર અને રાજ્ય શાસિત પ્રદેશોને અપાતી સહાય |

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

**નોંધ :** વર્ષ 2017થી સરકારે બજેટમાં ખર્ચ અંતર્ગત બિનઆયોજિત ખર્ચ અને આયોજિત ખર્ચનું વર્ગીકરણ નાબૂદ કર્યું છે.

JOIN Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

## મૂડી ખાતું

| આવક (જમા) | ખર્ચ (ઉધાર) |
|---|---|
| • ઋણ–વસૂલી (Recovery of Loans) | • ઋણની પુનઃચૂકવણી |
| • દેવાથી પ્રાપ્ત થતી આવક | • અન્ય સરકારને અપાતા ધિરાણ પાછળ થતો ખર્ચ |
| • અન્ય આવક દા.ત., વિમૂડીકરણમાંથી થતી આવક, નાની બચત યોજનામાંથી થતી આવક | • સામાજિક અને આર્થિક ક્ષેત્રોમાં થતો મૂડીખર્ચ |
| | • સંરક્ષણક્ષેત્રે થતો મૂડીખર્ચ |

### ICE FACT

- કેન્દ્ર સરકારના ખર્ચનું વર્ગીકરણ આયોજિત અને બિનઆયોજિત ખર્ચ તરીકે થાય છે જ્યારે રાજ્ય સરકારના ખર્ચનું વર્ગીકરણ વિકાસલક્ષી અને બિનવિકાસલક્ષી ખર્ચ તરીકે થાય છે.
- વિકાસલક્ષી ખર્ચ એટલે એવો ખર્ચ જેના થકી આર્થિક વિકાસને પ્રત્યક્ષ અને સીધો વેગ મળે છે. દા.ત., સિંચાઈની સગવડો.
- બિનવિકાસલક્ષી ખર્ચ જે સીધો વિકાસલક્ષી બાબતો પાછળ થતો નથી. પણ પરોક્ષ રીતે લાંબે ગાળે વિકાસને અસર કરી શકે છે. દા.ત., પેન્શનની ચૂકવણી માટેનો ખર્ચ.

## અંદાજપત્રની ખાધના પ્રકારો

### મહેસૂલી ખાધ

- અંદાજપત્રમાં મહેસૂલી આવક કરતા મહેસૂલી ખર્ચ વધી જાય ત્યારે મહેસૂલી ખાધ ઉદ્ભવે છે.
- આ પ્રકારની ખાધ એ દર્શાવે છે કે રાજ્યના ચાલુ ખર્ચ ચાલુ આવક કરતા વધારે છે.
- વ્યાવહારિક તથા હિસાબી દષ્ટિએ આવી ખાધ તંત્રની નીચી કાર્યદક્ષતા દર્શાવે છે.
- મૂડીખાતાની આવકમાંથી આ ખાધ ભરપાઈ કરવાના પ્રયત્ન થઈ શકે છે.

### અંદાજપત્રની ખાધ

- અંદાજપત્રમાં બે ભાગ હોય છે : મહેસૂલી ખાતું અને મૂડીખાતું.
- જ્યારે મહેસૂલી અને મૂડી ખાતાની કુલ આવક કરતા મહેસૂલી અને મૂડીખર્ચ વધારે હોય ત્યારે સમગ્ર અંદાજપત્ર ખાધવાળું ગણાય માટે તેને અંદાજપત્રીય ખાધ કહેવાય.
- કેન્દ્ર સરકાર અંદાજપત્રીય ખાધ પૂરી કરવા માટે રિઝર્વ બેન્ક પાસેથી ઉપાડ કરે છે જેને ખાધપુરવણી કહે છે.
- જ્યારે રાજ્ય સરકાર અંદાજપત્રની ખાધ પૂરવા માટે કેન્દ્ર સરકાર પાસેથી અતિરિક્ત ઉપાડ કરે છે. (ઓવરડ્રાફ્ટ)

### રાજકોષીય ખાધ

- રાજ્ય (સરકાર) બજારમાંથી જે નાણાંનું ધિરાણ મેળવે તેને મૂડી ખાતાની આવક કહેવાય. પણ વાસ્તવિક વ્યવહારમાં તે દેવું છે.
- સરકારની અંદાજપત્રીય ખાધ અને સરકારે બજારમાંથી મેળવેલ દેવું એ બંનેના સરવાળાને રાજકોષીય ખાધ કહે છે.
- આમ, રાજકોષીય ખાધ અંદાજપત્રની ખાધ કરતાં વધુ હોય છે.

રાજકોષીય ખાધ = કુલ ખર્ચ – કુલ આવક (બજારમાંથી મેળવેલા દેવા સિવાયની).
અથવા
અંદાજપત્રની ખાધ + બજારમાંથી મેળવેલ દેવાની રકમ.

JOIN Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

## પ્રાથમિક ખાધ

- રાજકોષીય ખાદ્યમાંથી વ્યાજની ચૂકવણી બાદ કરવામાં આવે તેને પ્રાથમિક ખાદ્ય કહેવામાં આવે છે.
- રાજ્યને દેવાના વ્યાજની ચુકવણી બોજો સર્જે છે. પણ આ બોજો વર્તમાનના કામને કારણે નથી.
- દેવું ભૂતકાળમાં થયું છે અને તેનું વ્યાજ વર્તમાનમાં છે માટે વ્યાજને બાદ કરી પ્રાથમિક ખાદ્ય મેળવાય છે. જે ચાલુ વર્ષના આવક અને ખર્ચનો અંદાજ આપે છે.
- આવો ખ્યાલ આ પ્રકારની ખાદ્યમાં વ્યક્ત કરાયો છે. પરંતુ ભારતમાં આ પ્રકારની ખાદ્યનું નીતિવિષયક મહત્ત્વ ગણાતું નથી.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS



## વર્ષ 2020-21 બજેટ Mains Questions

1. વર્ષ 2020-21નું બજેટ એ 'મહત્ત્વકાંક્ષી ભારત', 'આર્થિક વિકાસ' અને 'સંભાળ રાખતો સમાજ' એ થીમ પર બનાવવામાં આવ્યું હતું. આ થીમ સંદર્ભે સરકાર દ્વારા લેવાયેલા વિવિધ પગલાઓ વિશે માહિતી આપો.
2. રાજકોષીય ખાદ્ય એ અર્થતંત્ર સામે પડકાર છે. સતત લક્ષ્યાંકો કરતા વધુ પડતી રાજકોષીય ખાદ્યના કારણો જણાવો. શું આ કારણોનું સમાધાન ખાનગીકરણ હોય શકે ?
3. સરકાર દ્વારા કૃષિ, સિંચાઈ અને ગ્રામીણ વિકાસ માટે 16 સૂત્રીય કાર્યક્રમ આપવામાં આવ્યો હતો. આ સંદર્ભે કૃષિ ક્ષેત્રની મુખ્ય સમસ્યાઓની ચર્ચા કરો.
4. ભારતના વિકાસ માટે આંતરમાળખાનો વિકાસ અતિ આવશ્યક છે, આ સંદર્ભમાં 'નેશનલ ઈન્ફ્રાસ્ટ્રક્ચર પાઈપલાઈન' વિશે માહિતી આપો. અને તેનું વિવેચનાત્મક મૂલ્યાંકન કરો. *
5. તમારા અભિપ્રાયમાં 'નવી અર્થવ્યવસ્થા' (New Economy)ની પરિભાષા શું છે ? આ સંદર્ભે ભારતમાં લેવામાં આવેલા પગલાઓની માહિતી આપો તથા જણાવો કે ભારતની અર્થવ્યવસ્થાના સંદર્ભમાં તે કઈ રીતે ઉપયોગી બની શકે છે ?

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

**નોંધ : ભારત સરકારના વર્ષ 2020-21ના બજેટના પરીક્ષાલક્ષી મહત્ત્વના પ્રશ્નો ટૂંક સમયમાં પ્રસિદ્ધ કરવામાં આવશે**


GPSC CLASS 1/2 પ્રિલિમ 2019માં સફળ થનારા અમારા સંખ્યાબંધ વિદ્યાર્થીઓને ખૂબ ખૂબ અભિનંદન... અને મેઈન્સની શત્ શત્ શુભકામનાઓ...



સ્પર્ધાત્મક પરીક્ષાની લેટેસ્ટ માહિતી તથા ફ્રી મટીરિયલ્સ
મેળવવા માટે નીચે આપેલા અમારા
Social Media Icon પર Click કરો.

JOIN OUR TELEGRAM
t.me/icerajkotofficial

YouTube
ICE RAJKOT

Instagram
ICE RAJKOT

Facebook
like | comment | share
ICE RAJKOT

twitter
ICE RAJKOT